# શહેરમાં અંબાજીના પદયાત્રિકો માટે સેવા કેમ્પો ધમધમ્યાં

**ચા-નાસ્તાથી માંડીને પાકા ભોજન અને આરામ કરવા કે રાતવાસો કરવાની સેવા ઉપલબ્ધ : અનેક સેવાભાવી શહેરીજનો દિવસરાત સતત સેવામાં ખડેપગે હાજર : પદયાત્રિકો માટે દવાઓની પણ વ્યવસ્થા**



ગાંધીનગર, તા. ૦૨

આગામી ભાદરવી પૂનમે ફરી એકવાર વિશ્વનો સૌથી મોટો પદયાત્રી મેળો ભરાવા જઈ રહ્યો છે. જગતજનની મા જગદંબાના દર્શન કરવા રાજ્યભરના ખૂણે ખૂણેથી શ્રધ્ધાળુઓ પદયાત્રા કરીને અંબાજી જઈ રહ્યાં છે. ગાંધીનગરમાંથી પણ હજારોની સંખ્યામાં દિવસ-રાત અંબાજીના પદયાત્રીઓ "જય અંબે"નો પોકાર કરતાં કરતાં પસાર થઈ રહ્યાં છે. શહેરમાંથી પણ અનેક નાગરિકો અંબાજી જવા નીકળ્યાં છે પરંતુ જે નાગરિકો પગપાળા અંબાજી જઈ શક્યાં નથી કે જતા નથી તેમના દ્વારા શહેરમાંથી પસાર થઈ રહેલાં પદયાત્રિકોની વિવિધ સેવા કરીને પુણ્ય કમાઈ રહ્યાં છે. શહેરમાં ઠેર ઠેર સેવા કેમ્પો જોવા મળી રહ્યાં છે જેમાં પાણી-ચા-કોફીથી માંડીને મહાપ્રસાદ તેમજ નાસ્તાથી માંડીને પાકા ભોજન સહિતની સેવા પુરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત જિલ્લાના દસ જગ્યાએ આરોગ્ય કેમ્પો પણ શરૂ કરવામાં આવ્યા છે.

શહેરના ચ-માર્ગ, ઘ-માર્ગ, ક-માર્ગ, માર્ગ નં.૬ અને માર્ગ નં.૭ સહિતના ગ્રામ્ય માર્ગો પર અંબાજીના પદયાત્રિકો માટે વિવિધ સેવા કેમ્પોનું આયોજન કરાયું છે.

આ સેવાકેમ્પોમાં પદયાત્રીઓ માટે નહાવા-ધોવાની સગવડ સાથે બપોરે આરામ કરવાની તેમજ રાતવાસો કરવાની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે. કેટલાંક સેવાકેમ્પોમાં પદયાત્રીઓને મસાજ-માલીશની સેવા પણ અપાઈ રહી છે જેથી પદયાત્રીઓને પગમાં દુઃખાવો થવો, ફોલ્લા પડી જવા, નસ ચડી જવી, ગોટલા બાઝી જવા જેવી તકલીફોમાં રાહત મળી શકે. આ ઉપરાંત પદયાત્રીઓને શરીરનો દુઃખાવો, શરદી-ખાંસી અને તાવ સહિતની નાની-મોટી બિમારીના કિસ્સામાં વિના મૂલ્યે દવાઓ મળી રહે તેની પણ સુવિધા કરાઈ છે. પદયાત્રાના માર્ગમાં સેવા કેમ્પો તેમજ ચા-નાસ્તાના સ્ટોલ પર આરોગ્ય તંત્ર દ્વારા પાણીમાં ક્લોરીનેશન કરીને પીવાનું પાણી કેમ્પોમાં ઉપયોગમાં લેવાય તેની તકેદારી લેવાઈ રહી છે જેથી પદયાત્રીઓ પાણીજન્ય રોગચાળાનો ભોગ બને નહી. પદયાત્રિકો માટેના સેવા કેમ્પો પર સવારે નાસ્તામાં ગરમાગરમ બટાકાપૌંવા, ગોટા-ભજીયાં, પાપડી-સેવ, બુંદી-ગાંઠીયા ઉપરાંત ઈડલી-સમોસા, પુરી-શાક, દાળ-ભાત-શાક-રોટલી વગેરના જમણની વ્યવસ્થા જોવા મળી રહી છે. આ તમામ સેવા પદયાત્રિકોની વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી છે જેના માટે શહેરના અનેક સેવાભાવી નાગરિકો દિવસરાત ખડેપગે સેવા આપી રહ્યાં છે. પદયાત્રિકો માટે રોકાવા માટે પણ ગાદલાં-ઓશિકાં-ધાબળાં સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે અમે પદયાત્રિકોની સેવા કરીને એને શહેરીજનો ધન્યતા અનુભવી રહ્યાં છે.

# સાર્વજનિક ગણેશોત્સવના પાંચમાં દિને નૃત્ય સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર,તા.૦૪

સાર્વજનિક મહોત્સવ ના પાંચમા દિવસે બાળકો ની દેશભક્તિ ની થીમ આધારિત 'નૃત્ય સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદીના અમૃત મહોત્સવના વર્ષ નિમિત્તે બાળકોમાં રાષ્ટ્રપ્રેમ ની ભાવના વિકસે અને દેશદાઝ જાગે તેમજ વીર શહીદોને શ્રદ્ધાંજલી આપતો આ કાર્યક્રમ કાબિલે તારીફ હતો. આ કાર્યક્રમ માં વિવિધ શાળાના લગભગ ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે શ્રીમતી આશાબેન અડાલજા, શ્રીમતી ખુશબુબેન દેસાઈ, શ્રી નીતિનભાઈ દવે એ ભૂમિકા ભજવી હતી. સર્વ વિદ્યાર્થીઓ દ્વારા એક પછી એક ઉત્કૃષ્ઠ નૃત્યો રજૂ થયા થતા અને એક અનોખું દેશભક્તિ નું વાતાવરણ છવાયું હતું.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા આયોજિત ગણેશોત્સવ માં દરરોજની જેમ આજે પણ ભગવાન ગણેશની સાયંકાલ પૂજા તથા આરતી ઉતારવા સંમિલિત મહાનુભાવો માં ગજરાત બ્રહ્મસમાજ ના પ્રમુખ શ્રી પીનાકીનભાઈ રાવલ જાણીતા શ્રી કનૈયાલાલ પંડ્યા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી નરેશભાઈ દવે તેમજ યુવા પ્રમુખ નરેન્દ્રભાઈ વ્યાસ અને સમિતિ ના સભ્યો ઉપરાંત વેપારી મંડળના પ્રમુખ શ્રી કાલિદાસ પટેલ તેમજ નાયબ માહિતી નિયામક શ્રી હીરેન ભાઈ ભટ્ટ આમ આદમી પાર્ટી ના સંયોજક શ્રી હસમુખભાઈ પટેલ તથા મુકેશભાઈ પટેલ તેમજ કોર્પોરેટરશ્રીઓ, માલધારી અગ્રણી શ્રી તેજાભાઈ દેસાઈ સામાજીક આગેવાન વાઘાજી ઠાકોર શ્રી નરેશભાઈ પરમાર શ્રી અજીતભાઈ, અશ્વિન ભાઈ, હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ચેતનાબેન બુચ તેમજ ડૉ. વર્ષાબેન પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.



સ્વાગત પેલિકન સરગાસણ ખાતે શ્રી ગણેશજીની પધરામણી કરવામાં આવી હતી. જેમાં સોસાયટીના રહિશોએ શ્રદ્ધાપૂર્વક શ્રી ગણેશજીની પૂજા અર્ચના કરીને વિદાય આપી હતી અને 'અગલે બરસ જલદી આ'ના નાદથી ખુશીથી વિદાય આપી હતી.

# સ્ટેટ મોડેલ આયુર્વેદ હોસ્પિટલે બે દિવસમાં ૫ હજારથી વધુ પદયાત્રિકોની સેવા કરી



ગાંધીનગર,તા.૦૪

ગાંધીનગરના કોલવડા ખાતેની સ્ટેટ મોડેલ આયુર્વેદ હોસ્પિટલ દ્વારા રાંધેજા ચોકડી ખાતે અંબાજીના પગપાળા યાત્રિકો માટેનો કેમ્પ યોજવામાં આવ્યો છે. આ કેમ્પમાં પદયાત્રિકો જરૂરી દવાઓ, પગે ગોટલા બાજતા હોય તો માલીશ, મર્મ ચિકિત્સા, શેક, ઉકાળા તેમજ વાયરલ રોગોની દવાઓનો લાભ મોટી સંખ્યામાં લઈ રહયા છે. આ કેમ્પમાં ગઈકાલ શનિવારે ૨૩૭૦ અને આજે રવિવારે સાંજના સાત વાગ્યા સુધીમાં ૨૮૭૮૮ લાભાર્થીઓ નોંધાયા હતા.

